## જામનગર મહાનગરપાલિકા

સામાન્ય વહિવટ વિભાગ

જામનગર મહાનગરપાલિકા ખાતેની આરોગ્ય શાખાનાં યુ.પી.એચ.સી. (શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર) અંતર્ગત ૨૪ X ૭ યુ.પી.એચ.સી. સેન્ટરો ચાલુ કરવા માટે આયુષ મેડીકલ ઓફિસર અને મીડવાઈફરી સંવર્ગની જગ્યાઓ ૧૧ માસનાં કોન્ટ્રાકટ બેઈઝથી કોઇ પણ જાતનાં હક્ક હિસ્સા વગર તદ્દન હંગામી ધોરણે ભરવા માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી ઓનલાઇન અરજીઓ જામનગર મહાનગરપાલિકાની અધિકૃત વેબસાઇટ મારફતે મંગાવવામાં આવેલ.

ઉપરોક્ત વિગતે આયુષ મેડીકલ ઓફિસર અને મીડવાઈફરી સંવર્ગ માટે ઉમેદવારો દ્વારા કરવામાં આવેલ ઓનલાઇન અરજીઓમાં દર્શાવેલ વિગતો ધ્યાને લઇ ઉમેદવારોને ડોકયુમેન્ટ વેરીફિકેશન માટે બોલાવવા લીસ્ટ તૈયાર કરવામાં આવેલ છે. જે જામનગર મહાનગરપાલિકાની અધિકૃત વેબસાઇટનાં રીક્રુટમેન્ટ સેકશનમાં ઓનલાઇન જોઇ શકાશે.

| મીડવાઈફરી જગ્યાનું ડોકયુમેન્ટ વેરીફિકેશન | આયુષ મેડીકલ ઓફિસર જગ્યાનું ડોકયુમેન્ટ વેરીફિકેશન |
|---|---|
| **તારીખ :–** ૨૩/૧૧/૨૦૨૩, ગુરૂવાર | **તારીખ :–** ૨૩/૧૧/૨૦૨૩, ગુરૂવાર |
| **સમય :--** સવારે ૦૯ : ૦૦ કલાકે | **સમય :–** બપોરે ૦૨ : ૦૦ કલાકે |
| **સ્થળ :–** કોન્ફરન્સ હોલ, ૨ જો માળ, ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ, જામનગર મહાનગરપાલિકા, જયુબીલી ગાર્ડન, લાલ બંગ્લા સર્કલ, જામનગર. | |

**<u>ઉમેદવારો માટે ખાસ સૂચનાઓ :–</u>**

૧. આ માત્ર ડોકયુમેન્ટ વેરીફિકેશન પ્રક્રિયા છે જેમાં ઉમેદવારો દ્વારા ભરવામાં આવેલ ઓનલાઇન અરજી ફોર્મની તમામ વિગતોની રૂબરૂ ખરાઇ / ચકાસણી કરવામાં આવશે.

૨. આ માત્ર ડોકયુમેન્ટ વેરીફિકેશન માટેનું લીસ્ટ છે. આ લીસ્ટ આખરી મેરીટ લીસ્ટ કે નિમણૂક યાદી નથી.

૩. માત્ર ડોકયુમેન્ટ વેરીફિકેશન માટે બોલાવવામાં આવ્યેથી જે–તે સંવર્ગની તમામ લાયકાત ઉમેદવાર ધરાવે છે અને આખરી નિમણૂક માટે ઉમેદવાર લાયકાત ધરાવે છે તેવું માની શકાશે નહી. તેમજ આ બાબતે ભવિષ્યમાં કોઇ પણ જાતનાં દાવાઓ ધ્યાને લેવામાં આવશે નહી. જેની ખાસ નોંધ લેવી.

૪. ડોકયુમેન્ટ વેરીફિકેશન માટે ઉમેદવારોએ સ્વખર્ચે પહોંચવાનું રહેશે.

૫. ઉકત દર્શાવેલ સમય, તારીખ અને સ્થળ આખરી છે તેમજ સમયસર પહોંચવાની જવાબદારી સંપૂર્ણ રીતે ઉમેદવારની રહેશે. જેમાં ફેરફાર કરવાની કે પછીથી વેરીફિકેશન કરી આપવા માટેની કોઇ પણ વિનંતી કે અરજીને ધ્યાને લેવામાં આવશે નહી.

૬. ખોટા ડોકયુમેન્ટ રજુ કરનાર કે ઓનલાઇન ફોર્મમાં દર્શાવેલ વિગતો મુજબનાં અસલ ડોકયુમેન્ટ રજુ કરવામાં નિષ્ફળ ગયેથી જે–તે સંવર્ગ માટે ઉમેદવાર ગેરલાયક ઠરાવવામાં આવશે.

૭. ડોકયુમેન્ટની ખરાઇ / ચકાસણી કર્યા બાદ જ મેરીટમાં અગ્રતા ક્રમ ધરાવતા ઉમેદવારોનું આખરી મેરીટ લીસ્ટ તૈયાર કરવામાં આવશે. જે જામનગર મહાનગરપાલિકાની વેબસાઇટ ઉપર અપલોડ કરવામાં આવશે.

૮. ડોકયુમેન્ટ વેરીફિકેશન માટે ઉમેદવારોની જે યાદી વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે માત્ર તે જ ઉમેદવારોને ડોકયુમેન્ટ વેરીફિકેશન માટે ધ્યાને લેવામાં આવશે.

જામનગર મહાનગરપાલિકા

સામાન્ય વહિવટ વિભાગ

- ડોકયુમેન્ટની યાદી :–

| આયુષ મેડીકલ ઓફિસર | મીડવાઈફરી |
|---|---|
| ૧. આધાર કાર્ડ<br>૨. ધો.–૧૦ માર્કશીટ<br>૩. શાળા છોડયાનું પ્રમાણપત્ર (એલ.સી.)<br>૪. ધો.–૧૨ માર્કશીટ<br>૫. બી.એ.એમ.એસ./બી.એસ.એ.એમ./ બી.એચ.એમ.એસ. માર્કશીટ અને સર્ટીફિકેટ<br>૬. હોમીયોપેથીક / આયુર્વેદિક કાઉન્સીલનું રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ<br>૭. કોમ્પ્યુટરનાં કોર્ષનું પ્રમાણપત્ર<br>૮. તાજેતરનાં પાસપોર્ટ સાઈઝનાં ર ફોટા<br>૯. એટેમ્પ્ટ સર્ટીફિકેટ | ૧. આધાર કાર્ડ<br>૨. ધો.–૧૦ માર્કશીટ<br>૩. શાળા છોડયાનું પ્રમાણપત્ર (એલ.સી.)<br>૪. ધો.–૧૨ માર્કશીટ<br>૫. બેઝીક બી.એસ.સી. નર્સીંગ / પોસ્ટ બેઝીક બી.એસ.સી. નર્સીંગ / ઈન્ડીયન નર્સીંગ કાઉન્સીલ કે ગુજરાત નર્સીંગ કાઉન્સીલની માન્યતા પ્રાપ્ત સંસ્થામાંથી ડિપ્લોમા ઈન જનરલ નર્સીંગ એન્ડ મીડવાઈફરીનો કોર્ષ પાસની માર્કશીટ અને સર્ટીફિકેટ<br>૬. પોસ્ટ બેઝીક ડિપ્લોમા ઈન નર્સ પ્રેકટીશનર મીડવાઈફરીનાં કોર્ષ પાસની માર્કશીટ અને સર્ટીફિકેટ<br>૭. કોમ્પ્યુટરનાં કોર્ષનું પ્રમાણપત્ર<br>૮. તાજેતરનાં પાસપોર્ટ સાઈઝનાં ર ફોટા<br>૯. એટેમ્પ્ટ સર્ટીફિકેટ |

- **દરેક ઉમેદવારે ડોકયુમેન્ટનાં બે સેટ સાથે રાખવા ફરજીયાત છે. (એક ઓરીજીનલ અને એક ઝેરોક્ષ)**

Deputy Commissioner
Jamnagar Municipal Corporation